# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાઇજીરીયાના રાષ્ટ્રપ્રમુખ ટીનુબુ એ નાઇજીરીયામાં દ્વિપક્ષીય મંત્રણા યોજી – વિવિધ ક્ષેત્રોમાં સમજુતી કરાર થયા.
- ઝારખંડ વિધાનસભાની બીજા તબકકાની અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીનો જાહેર પ્રચાર આવતીકાલે સાંજે પુરો થશે.
- ચૈન્નાઇમાં યોજાયેલી ખાસ બેઠકમાં દેશના દરિયાઇ કિનારા ક્ષેત્રની સલામતી અને ભારતીય તટરક્ષક દળની કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે મણીપુરના વરિષ્ઠ અધિકારીઓ સાથે આજે દિલ્હીમાં ખાસ બેઠકમાં મણીપુરની સલામતીની પરિસ્થિતિની સમીક્ષા કરી છે.
- બિહારમાં યોજાઇ રહેલી મહિલાઓની એશિયાઇ હોકી સ્પર્ધામાં ભારતે જાપાનને પરાજય આપીને સ્પર્ધાની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV EVE PM NIGERIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાઇજીરીયાના રાષ્ટ્રપ્રમુખ બોલા અહેમદ ટીનુબુ એ નાઇજીરીયાના અબુજા ખાતે દ્વિપક્ષીય મંત્રણા યોજી છે. પ્રતિનિધિ સ્તરની આ મંત્રણામાં બંને અગ્રણીઓએ દ્વિપક્ષીય ભાગીદારી મજબુત બનાવવાની અને તેના વિસ્તરણ અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રમાં સહકાર વધારવા સમજુતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

બેઠક બાદ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, નાઇજીરીયા સાથેની વ્યુહાત્મક ભાગીદારીને ભારત ટોચની અગ્રતા આપે છે. તેમણે કહ્યું કે, સંરક્ષણ ઉપરાંત ઉર્જા, ટેકનોલોજી, આરોગ્ય સહિત ઘણા વિસ્તારોમાં બંને દેશો વચ્ચે મજબુત દ્વિપક્ષીય સહકાર છે.

નાઇજીરીયાએ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઇજર જેવા પ્રતિષ્ઠીત પુરસ્કાર આપવાનો નિર્ણય લીધો છે. તે માટે શ્રી મોદીએ નાઇજીરીયાના રાષ્ટ્રપ્રમુખનો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ નાઇજીરીયાના પુરથી અસરગ્રસ્તો માટે માનવતાના ધોરણે વીસ ટન સહાય મોકલવાની જાહેરાત કરી હતી. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે વિકાસશીલ દેશોને વિશ્વના અન્ય દેશોની સાથે લાવવામાં ભારત અને નાઇજીરીયાનો સહકાર મહત્વની ભૂમીકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી ત્યા વસતાં ભારતીયોના સમુદાયને પણ સંબોધવાના છે.

# DAY JHARKHAND - CAMPAIGNING

ઝારખંડ વિધાનસભાની બીજા તબકકાની અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીનો જાહેર પ્રચાર આવતીકાલે સાંજે પુરો થશે.

બંને રાજયોમાં વિવિધ પક્ષના આગેવાનોએ મતદારોને રીઝવવા ચુંટણી પ્રચાર વેગવાન બનાવ્યો છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોની ચુંટણી માટે ૨૦મી નવેમ્બરે મતદાન થશે. આ બેઠકો ઉપર ચાર હજાર ૧૩૬ ઉમેદવારોએ ચુંટણી જંગમાં જુકાવ્યું છે. જેમાં ત્રણ હજાર ૭૭૧ પુરુષ ઉમેદવારો છે, જયારે ૩૬૩ મહિલા ઉમેદવારો છે.

ભાજપના વરિષ્ઠ નેતા નીતીન ગડકરીએ સટાણા ખાતે ચુંટણી રેલીમાં જણાવ્યું હતું કે, એનડીએ સરકારે ગામડાઓ, શ્રમિકો, ખેડુતો અને સમાજના વંચિતોના કલ્યાણ માટે છેલ્લા ૧૦ વર્ષમાં ઘણી નવી પહેલો હાથ ધરી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં રોડ-શો યોજયો હતો. તો બીજી તરફ એનસીપીના વડા શરદ પવારે સોલાપુરમાં, જયારે શીવસેના ઉધ્ધવ ઠાકરે જુથના વડાએ સાતારામાં ચુંટણી સભાને સંબોધી હતી.

ઝારખંડના બોકારો જીલ્લામાં ચુંટણી સભાને સંબોધતા ભાજપના અધ્યક્ષ જે.પી.નડ્ડાએ હેમંત સોરેનની સરકાર સામે ભ્રષ્ટાચાર અને ગેરવહીવટનો આરોપ કર્યો છે. તો બીજી તરફ મુખ્યમંત્રી હેમંત સોરેને ભાજપ સામે મુખ્ય મુદ્દાઓથી નાગરીકોનું ધ્યાન બીજે લઇ જવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસ, આરજેડી અને અન્ય પક્ષના આગેવાનોએ પણ આજે ઝારખંડના વિવિધ ક્ષેત્રોમાં ચુંટણી રેલી અને રોડ-શો યોજીને પોતાના પક્ષના ઉમેદવારો માટે ચુંટણી પ્રચાર કર્યો છે.

# JHARKHAND-EC

ચૂંટણી પંચે ઝારખંડ વિધાનસભાની ચુંટણીના જાહેર પ્રચારના સમયગાળા પછી મતદારોને મતદાન માટે અપિલના સંદેશા નહી મોકલવાની સુચના અ ાપી છે. મુખ્ય ચુંટણી અધિકારી કે.રવી કુમારે બધા જ જીલ્લા વહીવટી તંત્રોને આ અંગે સુચના આપી છે. તેમણે કહયું કે, વિધાનસભાની બીજા તબકકાની ચુંટણી માટે જરૂરી મતદાર સ્લીપોની વહેંચણી પુર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ઝારખંડ વિધાનસભાની બીજા તબકકાની ચુંટણી માટે ૨૦મી નવેમ્બરે મતદાન થશે અને ૨૩મી એ મતગણતરી હાથ ધરાશે.

## EC CONG BJP NOTICES

ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાના ભાજપ અને કોંગ્રેસને પાઠવેલી નોટીસનો બંને પક્ષોને આવતીકાલે બપોરના એક વાગ્યા સુધીમાં વિધિવત પ્રતિભાવો આપવાનો નિર્દેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગ બદલ ચૂંટણી પંચે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલિક્કાર્જુન ખડગેને અલગ અલગ નોટિસો ગઇકાલે પાઠવી હતી.

## CHENNAI- PARL. COMMITTEE

ચૈન્નાઇમાં યોજાયેલી સંરક્ષણ અંગેની સંસદિય સ્થાયિ સમિતિની બેઠકમાં દેશના દરિયાઇ કિનારા ક્ષેત્રની સલામતી અને ભારતીય તટરક્ષક દળની કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે.

શ્રી રાધા મોહન સિંહના વડપણ હેઠળના પ્રતિનિધિ મંડળ ધ્વારા આજે યોજાયેલી બેઠકમાં સંરક્ષણ મંત્રાલય અને ભારતીય તટરક્ષક દળના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

તટરક્ષક દળના મહાનિદેશક એસ. પરમેશે આ બેઠકમાં તટરક્ષક દળની કામગીરીની ક્ષમતા, દળ ધ્વારા હાથ ધરાયેલી વ્યુહાત્મક પહેલો અને દેશની દરિયા કિનારાની સલામતી સામેના પડકારોને પહોંચી વળવા તટરક્ષક દળની સજ્જતા અંગેની વિગતો આપી હતી.

તેમણે તટરક્ષક દળ પાસે દેખરેખ અને પેટ્રોલીંગ માટે ઉપલબ્ધ અદ્યતન સાધનો અને પધ્ધતિઓ તેમજ તટરક્ષક દળના જહાજોની સજ્જતા અંગેની માહિતી બેઠકમાં આપી હતી.

શ્રી પરમેશે ભારતીય જળ વિસ્તારમાં ગેરકાયદેસર થતી માછીમારી તેમજ માનવ તસ્કરીને રોકવા માટે તટરક્ષક દળ ધ્વારા લેવાયેલા પગલાઓની વિગતો આપી હતી.

સમિતિના સભ્યોએ તટરક્ષક દળની દેશના ૧૧ હજારથી વધુ કિલોમીટર લંબાઇ વાળા દરિયા કિનારાના તેમજ વેપાર માટે મહત્વના જળમાર્ગોના રક્ષણ માટે કરવામાં આવતી કામગીરી અંગે સંતોષ વ્યકત કરીને આ કામગીરીને બિરદાવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# SHAH-MANIPUR

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે મણીપુરના વરિષ્ઠ અધિકારીઓ સાથે આજે દિલ્હીમાં ખાસ બેઠકમાં મણીપુરની સલામતીની પરિસ્થિતિની સમીક્ષા કરી છે.

સુત્રોના જણાવ્યા મુજબ શ્રી શાહ આવતીકાલે પણ આ મુદ્દે બેઠક યોજશે. દરમિયાન કેન્દ્રિય ગૃહમંત્રાલયે મણીપુરમાં કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતીની સ્થાપના માટે જરૂરી પગલાં લેવા ગઇકાલે સલામતી દળોને નિર્દેશ આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, મણીપુરના અગત્યના કેસોની તપાસ અસરકારક રીતે થઇ શકે તે માટે આ કેશોની તપાસ રાષ્ટ્રીય તપાસ સંસ્થા –એનઆઇએ ને સોંપવામાં આવી છે.

## HOCKEY: CHINA-SOUTH KOREA

બિહારમાં યોજાઇ રહેલી મહિલાઓની એશિયાઇ હોકી સ્પર્ધામાં ગત વર્ષના વિજેતા ભારતે જાપાનને પરાજય આપીને સ્પર્ધાની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

આજે રમાયેલી લીગ જુથની મેચમાં ભારતે જાપાન સામે 3-0 ગોલથી વિજય મેળવ્યો છે. આ સ્પર્ધામાં સૌથી વધુ ગોલ નોંધાવનાર દિપીકાએ આજે બે, જયારે ઉપસુકાની નવનીત કૌરે એક ગોલ નોંધાવ્યો હતો. લીગ મેચોમાં પાંચેય મેચ જીતીને ૧૫ અંકો સાથે ભારત સૌથી મોખરે છે. જયારે ૧૨ અંકો સાથે

ચીન બીજા સ્થાને છે. આ મંગળવારે રમાનારી સેમીફાઇનલમાં ભારત અને જાપાન વચ્ચે મુકાબલો થશે. આજે રમાયેલી અન્ય લીગ મેચોમાં ચીને - દક્ષિણ કોરિયાને, જયારે મલેશિયાએ થાઇલેન્ડને પરાજય આપ્યો છે.

## PM BALA SAHEB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શ્રી બાળાસાહેબ ઠાકરેને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સોશિયલ મિડિયા X પરની એક પોસ્ટમાં, તેમણે મહાન બાળાસાહેબ ઠાકરેની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં શ્રી ઠાકરેને એક સ્વપ્નદ્રષ્ટા ગણાવીને મહારાષ્ટ્રના વિકાસ અને મરાઠી લોકોના સશક્તિકરણ માટે કામ કરનાર અગ્રણી તરીકે બિરદાવ્યા હતા. તેમનો નિર્ભીક અવાજ અને અતૂટ ભાવના પેઢીઓને પ્રેરણા આપતી રહેશે."

## RE. CHENNAI-GIRIRAJ

ભારતમાં કાપડ ડિઝાઇન ઉદ્યોગ વિકાસ પામીને ૧૭૬ અબજ ડોલરે પહોચ્યો છે અને આગામી ૨૦૩૦ સુધીમાં તે હજી વધીને ૩૫૦ અબજ ડોલર થવાની સંભાવના છે.

કેન્દ્રિય કાપડ મંત્રી ગિરીરાજ સિંહે આજે ચૈન્નાઇ ખાતેની રાષ્ટ્રીય ફેશન ટેકનોલોજી સંસ્થાની કામગીરીની સમીક્ષા કર્યા બાદ પત્રકારોની સાથેની વાતચીતમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, દેશમાં કાપડ ઉત્પાદન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે ભાવી આયોજનનો કાર્યક્રમ હાથ ધર્યો છે.

તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે, કાપડ ડિઝાઇન ક્ષેત્રે દેશમાં પુરતી પ્રતિભાવો ઉપલબ્ધ છે.

## KAILASH GAHLOT RESIGNATION

દિલ્હીના મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા કૈલાશ ગેહલોતે પક્ષમાંથી રાજીનામું આપ્યું છે. પક્ષના વડા અરવિંદ કેજરીવાલને લખેલા રાજીનામા પત્રમાં શ્રી ગેહલોતે જણાવ્યું છે કે, પક્ષ પ્રત્યેની સમર્પિત ભાવનાના બદલે રાજકીય મહત્વાકાંક્ષાએ સ્થાન મેળવ્યું હોવાથી નાગરીકોને અપાયેલા ઘણા વચનો પુર્ણ કરી શકાયા નથી. આના લીધે પક્ષ સામે ઘણા પડકારો ઉભા થયા છે.

દરમિયાન દિલ્હી ભાજપના વડા વિરેન્દ્ર સચદેવે પત્રકારો સાથેની વાતચીતમાં આપ પક્ષના નેતાએ આપેલા રાજીનામાને સાહસિક પગલુ ગણાવ્યું છે.

## TOMETO

કેન્દ્રના ગ્રાહક બાબતોના વિભાગે જણાવ્યું છે કે, સારા પુરવઠાને કારણે એક મહિનામાં ટામેટાના ભાવમાં 22 ટકાથી વધુનો ઘટાડો થયો છે.

સત્તાવાર યાદીમાં કહ્યું છે કે, શાકબજારોમાં ભાવ ઘટવાથી ટામેટાના છૂટક ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે. 14મી નવેમ્બર, 2024ના રોજ અખિલ ભારતીય સરેરાશ છૂટક કિંમતો 52 રૂપિયા અને ૩૫ પૈસા પ્રતિ કિલોગ્રામ હતી જે 14મી ઓક્ટોબર, 2024ના રોજ સાડાં સડસઠ રૂપિયા પ્રતિ કિલોગ્રામની સરખામણીએ 22.4% ઓછી છે.

આ જ સમયગાળા આઝાદપુર મંડીમાં મોડલના ભાવમાં લગભગ 50% ઘટાડો થયો હતો.

# TYPHOON MAN-YI

ઉત્તર ફિલીપાઇન્સના લુઝોન વિસ્તારમાં જમીન ઉપર પ્રવેશેલા વાવાઝોડા માન-યી ના કારણે ભારે મોઝા ઉછળતા ઘણા મકાનોને નુકશાન થયું છે અને હજારો લોકોને સલામત સ્થળે ખસી જવાની ફરજ પડી છે. જાનહાનીના કોઇ સમાચાર હજી સુધી મળ્યા નથી. આ વાવાઝોડુ આવતીકાલે સવાર સુધીમાં દક્ષિણ ચીન સમુદ્રમાં પ્રવેશે તેવી શકયતા છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩૦ દિવસમાં ફિલીપાઇન્સ પર ત્રાટકેલુ આ છઠ્ઠુ વાવાઝોડુ છે.  અગાઉના પાંચ વાવાઝોડામાં ૧૬૦ થી વધુ લોકોના મોત નિપજયા છે.